## વડોદરા મહાનગરપાલિકા,એફોર્ડેબલ હાઉસીંગ સેલ અંતર્ગત

**www.vmc.gov.in**

# જાહેર નિવિદા

**મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત વડોદરા શહેરમાં વિવિધ સ્થળ પર તૈયાર કરેલ રહેણાંક સંકુલમાં આવેલ દુકાનો (જાહેર હરાજીથી) માલિકીના ધોરણે વેચાણથી લેવા/મેળવવાની અમુલ્ય તક (ઓર્ગેનાઇઝર્સ/ડેવલોપર્સ/સંસ્થા/ હોલસેલ-રીટેલ માર્કેટ/બેંક/ધંધા સાથે સંકળાયેલ વેપારીઓ/ વ્યક્તિઓ/અન્ય વિગેરે માટે)**. વડોદરા શહેર અંતર્ગત સયાજીપુરા, અટલાદરા, અકોટા-તાંદલજા, માંજલપુર તથા કારેલીબાગ જેવા સુવિકસિત વિસ્તારમાં મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત દુકાનોનું બાંધકામ કરવામાં આવેલ છે. આ સંકુલમાં આવેલ દુકાનો જ્યાં છે જેમ છે તે સ્થિતીમાં, માલિકીના ધોરણે વેચાણથી લેવા માટે રસ ધરાવતા ઇસમો પાસેથી જાહેર હરાજીથી અરજી મંગાવવામાં આવે છે. કુલ ૧૧૭-દુકાનોની જાહેર હરાજી અંગેની અરજી વેબ સાઇટ ઉપર તા.૨૮.૧૦.૨૦૨૧ થી જોઇ શકાશે. અરજદારો ધ્વારા વ.મ.પા.માં આવેલ અરજીઓ પૈકી ફરજીયાત પણે રજુ કરેલ દસ્તાવેજો/અનામતની રકમ મુજબના અરજદારોની જાહેર હરાજી તા.૦૨.૧૨.૨૦૨૧ ના રોજ ગાંધીનગર ગૃહ, જ્યુબીલી બાગ પાસે,વડોદરા-૩૯૦૦૦૧ ખાતે કરવામાં આવનાર છે. અરજીમાં દુકાન સંદર્ભેની અનામતની રકમ તથા નિતિ-નિયમો, www.vmc.gov.in વેબ સાઇટ ઉપર દર્શાવવામાં આવેલ છે. વધુ વિગત માટે કાર્યપાલક ઇજનેરશ્રીની કચેરી, એફોર્ડેબલ હાઉસીંગ સેલ,વ.મ.પા.,રાવપુરા કન્યા શાળા નં.૩,પ્રતાપ રોડ,રાવપુરા,વડોદરા-૩૯૦ ૦૦૧ નો સંપર્ક કરવાનો રહેશે. દુકાનની જાહેર હરાજી કરવા અંગેની વિગતો નીચે મુજબ છે.

| અનું નં | વિસ્તાર/ ટી.પી. | એફ.પી. | કુલ દુકાનો | દુકાન નંગ સામાન્ય જાતિ માટે | અનામત રાખેલ દુકાન નંગ અનુસૂચિત જાતિ/જનજાતિ તથા બક્ષી પંચ માટે |
|---|---|---|---|---|---|
| ૧ | સયાજીપુરા/૧ | ૧૦૯ | ૧૬ | ૧૪ | ૨-SC/ST |
| ૨ | સયાજીપુરા/૧ | ૧૧૦ | ૭ | ૬ | ૧-SC/ST |
| ૩ | અટલાદરા/૨૦ | ૯૫ | ૧ | - | ૧-OBC |
| ૪ | અકોટા-તાંદલજા/૨૧ | ૧૦૮ | ૪ | ૩ | ૧-OBC |
| ૫ | માંજલપુર/૧૯ | ૧૦૪ | ૮ | ૭ | ૧-SC/ST |
| ૬ | માંજલપુર/૧૯ | ૨૨૮ | ૪ | ૩ | ૧-OBC |
| ૭ | કારેલીબાગ/૯ | ૨૨૩ | ૩૨ | ૨૯ | ૨-SC/ST અને ૧-OBC |
| ૮ | સયાજીપુરા/૧ | ૧૨૦ | ૪૫ | ૪૦ | ૪-SC/ST અને ૧-OBC |

જાહેર હરાજી ભાગ લેવા અંગે રસ ધરાવતા અરજદારોએ EMD ની રકમ તેમજ હરાજી અંગે જરૂરી સાધનિક પુરાવા/ દસ્તાવેજો હાર્ડ કોપીમાં નીચે જણાવેલ કચેરીએ તા.૨૬.૧૧.૨૦૨૧ ના રોજ સાંજે ૫:૦૦ કલાક પહેલા મળી રહે તે રીતે સ્પીડ પોસ્ટ/આર.પી.એ.ડી.થી પહોચાડવાના રહેશે. અનામતની (EMD) રકમ અરજદાર ધ્વારા વ.મ.પા.માં જમા/રજુ થયેલ ન હોવાના કિસ્સામાં તેઓ હરાજીમાં ભાગ લઇ શકશે નહી.

**સાધનિક પુરાવા રજુ કરવાનુ સ્થળ:-કાર્યપાલક ઇજનેરશ્રી, એફોર્ડેબલ હાઉસીંગ શાખા, વડોદરા મહાનગરપાલિકા, રાવપુરા કન્યા શાળા નં.૩, રાવપુરા, વડોદરા – ૩૯૦ ૦૦૧.**

**(અરજીના કવર પેજ ઉપર વિભાગ/કચેરીનું નામ તથા વિષય અવશ્ય જણાવવા/દર્શાવવાનો રહેશે.)**

મહતમ બોલી સ્વીકારવાનો અથવા નકારવાનો અધિકાર મહાનગરપાલિકા વડોદરાનો અબાધિત રહેશે અને તમામ બીડરને બંધનકર્તા રહેશે.

PRO No. 613/21-22 કાર્યપાલક ઇજનેર

# એફોર્ડેબલ હાઉસીંગ સેલ
## વડોદરા મહાનગરપાલિકા
ફોન: ૦૨૬૫-૨૪૨૦૩૩૮, ફેક્સ: ૦૨૬૫-૨૪૩૩૦૬૦
કાર્યપાલક ઇજનેરની કચેરી, કન્યા શાળા નં.૩, પ્રતાપ રોડ,રાવપુરા, વડોદરા – ૩૯૦ ૦૦૧


અરજદારનો
પાસપોર્ટ
સાઇઝનો ફોટો

## જાહેર હરાજી અંગેનુ અરજી પત્રક:

અટક નામ પિતા/પતિનું નામ

૧. અરજદારનું નામ : ------------------------------------------------------------------------------

૨. અરજદારનું પુરુ સરનામુ
હાલનું/ કાયમી :------------------------------------------------------------------------------
------------------------------------------------------------------------------
------------------------------------------------------------------------------

પત્ર વ્યવહારનું સરનામુ :------------------------------------------------------------------------------
------------------------------------------------------------------------------
------------------------------------------------------------------------------

મોબાઇલ નં. : ____________________ લેન્ડ લાઇન નં. :

અરજી સંદભે વ.મ.પા. ધ્વારા પ્રસિધ્ધ કરેલ જાહેરાત PRO No.-----------------------------------

૩. અરજદારનો ધંધો/ નોકરી/સંસ્થા/વિભાગ : -------------------------------------------------------------

૪. ઇચ્છનીય દુકાનની વિગત/નંબર દુકાન ૧) : અથવા ૨):- અથવા ૩):-
-------------------------------------------------------------

ટી.પી.: એફ.પી.:
-------------------------------------------------------------

સ્થળ : -------------------------------------------------------------

૫. ડીપોઝીટ/અનામત/અર્નેસ્ટ મનીની રકમ રૂ.--------------------- અંકે રૂપિયા---------------------------------------
------------------------------------------------------------------------------------------------------------------------પુરા

૬. ડીમાન્ડ ડ્રાફ્ટ નંબર---------------------------------તા.---------------બેન્કનું નામ---------------------------------
------------------------------------------------------------------------------------------------------------------------

૭. જાહેર હરાજીમાં (પાર્ટીશીપેશન) ભાગ લેવાની ફીની રકમ રૂ.૫,૦૦૦/- અંકે પાંચ હજાર રૂપિયા પૂરા, (પરત મળવાપાત્ર નથી) ડીમાન્ડ ડ્રાફ્ટ નંબર---------------------------------તા.---------------બેન્કનું નામ-
------------------------------------------------------------------------------------------------------------------------

ના અધિકૃત પ્રતિનિધી / ભાગીદર / ટ્રસ્ટી / મેનેજીંગ ડીરેકટર / કુલમુખત્યાર આથી, વર્ણવ્યા મુજબની નંગ. ----૧----દુકાન નં.૧) : અથવા ૨):- અથવા ૩):- ટી.પી.----------એફ.પી-------- જાહેર હરાજીથી દુકાન ખરીદવા ઇચ્છા ધરાવું છુ. જાહેર હરાજીમાં ભાગ લેવાની આ સાથેની સામાન્ય શર્તો, પરિશિષ્ટ-અ અને બ ની તમામ શર્તો વાંચી, સનજી અને વિચારીને અમો ધ્વારા અરજી કરેલ છે. રજુ કરેલ હકીકતો પૈકી કોઇ હકીકત ખોટી માલુમ પડશે તો વડોદરા મહાનગરપાલિકા જે કાંઇ નિર્ણય લેશે તે મને બંધનકર્તા તથા આખરી રહેશે.

સ્થળ:- ------------------------ અરજદારનું પૂરૂં નામ અને સહી

તા. /નવે-ડીસે./૨૦૨૧

# <u>સામાન્ય શર્તો</u>

- આ સાથે અનામતની રકમ/અર્નેસ્ટ મની તરીકેની રકમ પર મને / અમોને કોઇ પણ જાતનુ વ્યાજ મળવાપાત્ર નથી.
- જાહેર હરાજીમાં (પાર્ટીશીપેશન) ભાગ લેવાની ફીની રકમ રૂ.૫,૦૦૦/- અંકે પાંચ હજાર રૂપિયા પૂરા ડીમાન્ડ ડ્રાફ્ટ વડોદરા મહાનગર પાલિકામાં ફરજીયાત પણે જમા કરાવવા અમો સંમત છીએ જે રકમ અમોને પરત મળવાપાત્ર નથી.
- વડોદરા મહાનગરપાલિકા ધ્વારા મારી/ અમારી દરખાસ્ત સ્વીકારવામાં આવેતો અર્નેસ્ટ મનીની રકમ વ.મ.પાલિકામાં જમા લેવાની રહેશે તેમજ બાકી રહેતી રકમ સમયસર દર્શાવેલ સમય મર્યાદામાં અમો ધ્વારા જમા કરાવવામાં આવશે.
- જો મારી/ અમારી દરખાસ્ત સ્વીકારવામાં આવે અને હું/ અમો સદર દુકાન માટેની દરખાસ્તની પૂરેપુરી રકમ નિશ્ચિત સમય મર્યાદામાં ભરવાનું ચૂકુ/ ચૂકીએ તો આપણા વચ્ચેના કરારનો વડોદરા મહાનગરપાલિકા અંત લાવશે અને સદર દરખાસ્ત અન્વયે મે / અમોએ ભરેલ રકમ / અર્નેસ્ટ મનીની રકમ પૂરેપુરી વડોદરા મહાનગર પાલિકા જપ્ત કરશે.
- મારી / અમારી દરખાસ્ત સ્વીકારવામાં આવેથી નિયત થયેલ સમય મર્યાદામાં દરખાસ્ત મુજબની પૂરેપૂરી રકમ ભરવા સંમત છું/છીએ.
- વડોદરા મહાનગર પાલિકા ધ્વારા બાંધવામાં આવેલ દુકાનનું સ્થળ નિરિક્ષણ કરેલ છે. સ્થળ સ્થિતિ અનુસાર ક્ષેત્રફળ જે કાંઇ હશે તે અમોને બંધનકર્તા છે. અને તે મુજબ જ દસ્તાવેજ કરવા અમો બંધાયેલા છે.
- વડોદરા મહાનગર પાલિકા ધ્વારા દુકાનની જાહેર હરાજી અંગે સ્થળ સ્થિતિ અનુસારના ક્ષેત્રફળ મુજબ નક્કી કરેલ અપ સેટ વેલ્યુને ધ્યાનમાં રાખીને જ જાહેર હરાજી ઇન્ક્રીમેન્ટની રકમ અનુસાર કરવા અમો સંમત છે. અરજી કે જાહેરાત અંતર્ગત જો કોઇ દુકાનના માપોમાં મેન્યુઅલ એરર/પ્રીન્ટીંગ મીસટેક/વિગેરેને કારણે દુકાનના ચોક્કસ ક્ષેત્રફળ તથા તેમા વધ-ઘટ અંગે કોઇ પણ પ્રકારની પછીથી અમો તકરાર કરીએ નહી/કરીશુ નહી. હરાજી અંગે નક્કી કરેલ અપ સેટ વેલ્યુને જ અંતિમ તથા માન્ય રાખવા અમો બંધાયેલ છે/છીએ. ઉપરાંત દુકાનની ફાળવણીની નક્કી કરેલ શરતો અને નિર્ણયોનુ પાલન કરવા હું / અમો બંધાયેલા છું / છીએ.
- આથી હું / અમો જાહેર કરુ છું / કરીએ છીએ કે ઉપર જણાવેલ માહિતી સંપૂર્ણ અને તદ્દન સાચી છે. તેમા આકસ્મીક કે અન્યથા કોઇ પણ ક્ષતિ કે અધુરપ રહી ગઇ હશે તો વડોદરા મહાનગર પાલિકાને ગમે ત્યારે સબંધિત દુકાન-મિલ્કતની ફાળવણી કે મારી / અમારી દરખાસ્તની સ્વીકૃતિ પરત ખેંચવા માટે પૂરતું કારણ રહેશે.
- <u>અરજીના કવર પેજ ઉપર વિભાગ/કચેરીનું નામ તથા વિષય અવશ્ય દર્શાવવાનો રહેશે.</u>

- આથી હું / અમો જાહેર કરુ છું / કરીએ છીએ કે દુકાનની ફાળવણી અંગેના નિયમો મે / અમોએ વાંચ્યા અને સમજ્યા છે / છીએ અને જમીનના ટાઇટલ ડીડ, નક્શા-સ્થળ સ્થિતિ તપાસ્યા છે. જે કરાર, કબુલાત, દસ્તાવેજ કરવાનાં થાય છે. તેના મુસદ્દા ચકાસ્યા છે અને જ્યારે તે કરવાના કહેવામાં આવશે ત્યારે કરવા બાંહેધારી આપુ છું / આપીએ છીએ અને વડોદરા મહાનગર પાલિકાનો નિર્ણય મને / અમોને બંધનકર્તા રહેશે.
- તેમજ પરિશિષ્ઠ-(બ) ની તમામ શર્તો/નિયમો ૧ થી ૩૧ અમોને બંધનકર્તા રહેશે. જે અમોએ વાંચ્યા અને સમજ્યા છે/છીએ.
- <u>અરજદારે ભાવ બોલી બોલતા વખતે તૈયાર કરેલ રહેણાંક સંકુલમાં આવેલ દુકાનોની સાઇટ જે છે તેવી સ્થીતિમાં ભાવની ઓફર આપવાની રહેશે. અરજદાર દુકાનની જાહેર હરાજી અંતર્ગતની એક અરજી પૈકી વધુમાં વધુ ત્રણ દુકાનો માટે હરાજીની બોલીમાં ભાગ લઇ શકશે. જાહેર હરાજીમાં ત્રણ દુકાનોની બોલી પૈકી મહત્તમ બોલી બોલનાર અરજદાર સફળ થયેથી કરેલ અરજી મુજબ એક જ દુકાન ફાળવવામાં આવશે. અન્ય વધારાની દુકાન માટે વધારાની બીજી અરજી કરવાની રહેશે. અરજદારે નક્કી કરેક ત્રણ જ દુકાન માટે ફક્ત એક જ અરજીનો ઉપયોગ કરી નિયમોનુસાર ભરવાપાત્ર થતી (EMD) અનામતની રકમ જમા કરાવવાની રહેશે. ઉપરાંત વધુ દુકાનો (એક થી વધુ) લેવા ઇચ્છતા હોય તેવા સંજોગોમાં દુકાનના ક્ષેત્રફળ મુજબ અપ સેટ વેલ્યુ અનુસાર અરજદારે અન્ય/બીજી અરજીનો ઉપયોગ કરી જમા કરાવવા પાત્ર થતી અનામતની રકમ અલગથી રજુ કરવાની રહેશે. એક અથવા વધુ દુકાન લેવા ઇચ્છતા હોય તેવા અરજદારે સદર અરજીમાં જણાવેલ કોઇપણ દુકાન માટે જાહેર હરાજી કરી શકશે. ભરવાપાત્ર થતી (EMD) અનામતની રકમ અરજદાર ધ્વરા વ.મ.પા.માં રજુ થયેલ ન હોવાના કિસ્સામાં તેઓની અરજી સ્વીકારવામાં તેમજ ગ્રાહ્ય રાખવામાં આવશે નહી.</u>
- હરાજીમાં બીડરને જ પ્રવેશ આપવામાં આવશે. જેનુ ડીકલેરેશન રજીસ્ટ્રેશન સંમયે પુરાવા અને ઓળખ સહિત આપવાનુ રહેશે.
- હરાજીના સ્થળે સમય સર હાજર રહેવાનુ રહેશે.
- મોબાઇલ ફોનનો ઉપયોગ પ્રતિબંધીત રહેશે.

સહી:

સ્થળ:- -------------------------   અરજદારનું પૂરૂં નામ અને સહી

તા.   /નવે-ડીસે./૨૦૨૧

# એફોર્ડેબલ હાઉસીંગ સેલ,વડોદરા મહાનગરપાલિકા

## (Annexure-A) દુકાનોના ક્ષેત્રફળ, ભાવ તથા અનામતની વિગતો

મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત **EWS/LIG/MIG** હેઠળ વિવિધ ટી.પી.,એફ.પી. વાળા નીચે જણાવેલ સ્થળોએ તૈયાર કરેલ રહેણાંક સંકુલમાં આવેલ દુકાનોની ક્ષેત્રફળ તથા ભરવાપાત્ર અનામતની વિગત દર્શાવતુ પત્રક.

| Sr. No. | Location / Address | Shop No. | Carpet Area of Shop in sq. mt. | Up set Amount | Avg. Amount of EMD in Rs. (અનામત/ડીપોઝીટ ની રકમ) |
|---|---|---|---|---|---|
| 1 | TP-1, FP-109 (EWS), on 18 mt. road line, Behind Satyam Party Plot, near Shrushti height, Sayajipura- **Commercial UNIT-16** | | | | |
| | | 1 | **13.66** | **1028598** | |
| | | 2 | **19.88** | **1496964** | |
| | | 3 | **20.16** | **1518048** | |
| | Reserved SC/ST Category | 5 | **20.69** | **1557957** | |
| | | 7 | **13.19** | **993207** | |
| | | 8 | **19.98** | **1504494** | |
| | | 9 | **20.16** | **1518048** | |
| | | 10 | **12.17** | **916401** | |
| | | 12 | **20.44** | **1539132** | **296268** |
| | | 13 | **20.26** | **1525578** | |
| | Reserved SC/ST Category | 14 | **26.76** | **2015028** | |
| | | 15 | **20.16** | **1518048** | |
| | | 16 | **20.16** | **1518048** | |
| | | 17 | **26.95** | **2029335** | |
| | | 18 | **20.16** | **1518048** | |
| | | 19 | **19.98** | **1504494** | |
| 2 | T.P.-1, F.P.-110 (LIG) Sayajipura, 15 mt raod line, Khodiyarnagar char rasta to Satyam party plot main road, opp. Shivam park-Commercial UNIT-07 | | | | |

| | Location / Address | Shop No. | Carpet Area of Shop in sq.mt. | Up set Amount | Avg. Amount of EMD in Rs. (અનામત/ડીપોઝીટ ની રકમ) |
|---|---|---|---|---|---|
| | GROUND FLOOR PLAN | **GROUND FLOOR 5** | **42.1** | **3620600** | |
| | | **FIRST FLOOR 1/101** | **37.45** | **2014810** | |
| | | **FIRST FLOOR 3/103** | **19.05** | **1024890** | |
| | | **FIRST FLOOR 4/104** | **30.79** | **1656502** | **376105** |
| | Reserved SC/ST Category | **FIRST FLOOR 5/105** | **31.22** | **1679636** | |
| | | **FIRST FLOOR 7/107** | **22.91** | **1232558** | |
| | | **FIRST FLOOR 8/108** | **35.96** | **1934648** | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩ | T.P.-20, F.P.-95 (LIG) Atladara, on 12 mt road, Near Akshara Bunglows, Ahead Pramukha Swami Hospital.(Commercial UNIT-01) | | | | |
| | **Location / Address** | **Shop No.** | **Carpet Area of Shop in sq. mt.** | **Up set Amount** | **Avg. Amount of EMD in Rs. (અનામત/ડીપોઝીટની રકમ)** |
| | **Reserved OBC Category** | **1** | **22.53** | **2424228** | **484846** |
| ૪ | T.P.-21, F.P.-108 (LIG) Akota-Tandalja, on 12 mt road, Sun Pharma to Vasna Main Road, Besides Samim Park Society..**(Commercial UNIT-04)** | | | | |
| | **Location / Address** | **Shop No.** | **Carpet Area of Shop in sq. mt.** | **Up set Amount** | **Avg. Amount of EMD in Rs. (અનામત/ડીપોઝીટ ની રકમ)** |
| | | **1** | **17.66** | **2850324** | **749622** |
| | | **2** | **29.04** | **4687056** | |
| | | **3** | **28.67** | **4627338** | |
| | **Reserved OBC Category** | **4** | **17.52** | **2827728** | |
| ૫ | T.P.-19, F.P.-104 Majalpur , Opp. Laxmi Krupa Society, Nr. Sun City Circle towards Suryadarshan Crossing on 18 mt road, Vadodara. **Commercial UNIT-8** | | | | |
| | **Location / Address** | **Shop No.** | **Carpet Area of Shop in sq. mt.** | **Up set Amount** | **Avg. Amount of EMD in Rs. (અનામત/ડીપોઝીટ ની રકમ)** |
| | | **A-1** | **18.21** | **2939094** | **628532** |
| | | **A-2** | **20.53** | **3313542** | |
| | | **A-3** | **20.26** | **3269964** | |
| | **Reserved for SC/ST Category** | **A-4** | **18.4** | **2969760** | |
| | | **B-1** | **18.58** | **2998812** | |
| | | **B-2** | **20.62** | **3328068** | |
| | | **B-3** | **20.81** | **3358734** | |
| | | **B-4** | **18.36** | **2963304** | |
| ૬ | Majalpur TP-19, FP-228, opp. Vraj apartment, on 9 mt road, besides. Laxmi Krupa Society, Nr. Sun City Circle towards Suryadarshan Crossing on 18 mt road, Vadodara. **Commercial UNIT-4** | | | | |
| | **Location / Address** | **Shop No.** | **Carpet Area of Shop in sq. mt.** | **Up set Amount** | **Avg. Amount of EMD in Rs. (અનામત/ડીપોઝીટ ની રકમ)** |
| | | **1** | **18.58** | **1999208** | **431370** |
| | **Reserved for OBC Category** | **2** | **21.74** | **2339224** | |
| | | **3** | **21.74** | **2339224** | |
| | | **4** | **18.12** | **1949712** | |

| ૭ | T.P.-9, F.P.-223 karelibaug. On 13 mt road, Near government quarters, opp. swatantra senani nagar, near anandnagar. **Commercial UNIT-32** | | | | |
|---|---|---|---|---|---|
| | **Location / Address** | **Shop No.** | **Carpet Area of Shop in sq. mt.** | **Up set Amount** | **Avg. Amount of EMD in Rs. (અનામત/ડીપોઝીટ ની રકમ)** |
| | GROUND FLOOR SHOPS TOWER A-B | | | | |
| | | **1** | **28.98** | **5610528** | |
| | Reserved for SC/ST Category | **2** | **27.69** | **5360784** | |
| | | **3** | **28.99** | **5612464** | |
| | | **4** | **29.36** | **5684096** | |
| | | **5** | **28.62** | **5540832** | |
| | | **6** | **17.75** | **3436400** | |
| | | **7** | **25.26** | **4890336** | |
| | | **8** | **31.04** | **6009344** | |
| | | **9** | **28.73** | **5562128** | |
| | GROUND FLOOR SHOPS TOWER J-K | | | | |
| | | **1** | **27.04** | **5234944** | |
| | | **2** | **26.67** | **5163312** | |
| | Reserved for SC/ST Category | **3** | **16.72** | **3236992** | |
| | | **4** | **26.74** | **5176864** | |
| | | **5** | **26.67** | **5163312** | |
| | | **6** | **30.26** | **5858336** | |
| | | **7** | **27.43** | **5310448** | |
| | | **8** | **26.76** | **5180736** | **931255** |
| | FIRST FLOOR SHOPS TOWER A-B | | | | |
| | | **1** | **31.02** | **5006628** | |
| | | **2** | **19.43** | **3136002** | |
| | | **3** | **24.02** | **3876828** | |
| | | **4** | **23.96** | **3867144** | |
| | | **5** | **28.97** | **4675758** | |
| | | **6** | **40.76** | **6578664** | |
| | | **7** | **24.76** | **3996264** | |
| | | **8** | **32.86** | **5303604** | |
| | FIRST FLOOR SHOPS TOWER J-K | | | | |
| | Reserved for OBC Category | **1** | **26.3** | **4244820** | |
| | | **2** | **20.01** | **3229614** | |
| | | **3** | **18.06** | **2914884** | |
| | | **4** | **19.31** | **3116634** | |
| | | **5** | **20.9** | **3373260** | |
| | | **6** | **20.19** | **3258666** | |
| | | **7** | **27.2** | **4390080** | |

| ૮ | T.P.-1, F.P.-120 Sayajipura, 15 mt. raod line, Khodiyarnagar char rasta to Satyam party plot main road, Near sayajinagar housing society.<br>**Commercial UNIT-45** | | | | |
|---|---|---|---|---|---|
| | **Location / Address** | **Shop No.** | **Carpet Area of Shop in sq. mt.** | **Up set Amount** | **Avg. Amount of EMD in Rs. (અનામત/ડીપોઝીટ ની રકમ)** |
| GROUND FLOOR SHOPS TOWER-A 15.00 MT. WIDE ROAD | | | | | |
| | | 2 | 31.12 | 2343336 | |
| | | 3 | 40.14 | 3022542 | |
| | Reserved for SC/ST Category | 4 | 27.88 | 2099364 | |
| GROUND FLOOR SHOPS TOWER-A 12.00 MT. WIDE ROAD | | | | | |
| | | 8 | 26.95 | 1738275 | |
| GROUND FLOOR SHOPS TOWER-B 12.00 MT. WIDE ROAD | | | | | |
| | Reserved for SC/ST Category | 1 | 24.16 | 1558320 | |
| | | 2 | 54.31 | 3502995 | |
| | | 3 | 25.18 | 1624110 | |
| | | 4 | 24.81 | 1600245 | |
| GROUND FLOOR SHOPS TOWER-C 12.00 MT. WIDE ROAD | | | | | |
| | | 1 | 25.46 | 1642170 | |
| | | 2 | 39.02 | 2516790 | 329672 |
| | | 3 | 26.67 | 1720215 | |
| | | 4 | 38.84 | 2505180 | |
| GROUND FLOOR SHOPS TOWER-D 12.00 MT. WIDE ROAD | | | | | |
| | | 1 | 26.67 | 1720215 | |
| | | 2 | 41.54 | 2679330 | |
| | | 3 | 37.5 | 2418750 | |
| | Reserved for SC/ST Category | 4 | 27.07 | 1746015 | |
| GROUND FLOOR SHOPS TOWER-E 12.00 MT. WIDE ROAD | | | | | |
| | | 1 | 32.99 | 2127855 | |
| | | 2 | 36.62 | 2361990 | |
| | | 3 | 40.24 | 2595480 | |
| | | 4 | 26.67 | 1720215 | |

| T.P.-1, F.P.-120 SAYAJIPURA FIRST FLOOR SHOPS | | | | | |
|---|---|---|---|---|---|
| | Location / Address | Shop No. | Carpet Area of Shop in sq. mt. | Up set Amount | Avg. Amount of EMD in Rs. (અનામત/ડીપોઝીટ ની રકમ) |
| FIRST FLOOR SHOPS TOWER-A 15.00 MT. WIDE ROAD | | | | | 329672 |
| | | 1 | 41.55 | 2235390 | |
| | | 2 | 34.41 | 1851258 | |
| | | 3 | 19.48 | 1048024 | |
| | | 4 | 44.33 | 2384954 | |
| FIRST FLOOR SHOPS TOWER-A 12.00 MT. WIDE ROAD | | | | | |
| | | 5 | 43.95 | 1889850 | |
| | Reserved for SC/ST Category | 6 | 21.28 | 915040 | |
| | | 7 | 19.35 | 832050 | |
| FIRST FLOOR SHOPS TOWER-B 12.00 MT. WIDE ROAD | | | | | |
| | | 1 | 18.4 | 791200 | |
| | | 2 | 36.13 | 1553590 | |
| | | 3 | 26.17 | 1125310 | |
| | | 4 | 20.07 | 863010 | |
| | | 5 | 19.51 | 838930 | |
| FIRST FLOOR SHOPS TOWER-C 12.00 MT. WIDE ROAD | | | | | |
| | | 1 | 20.18 | 867740 | |
| | | 2 | 36.71 | 1578530 | |
| | | 3 | 25.43 | 1093490 | |
| | | 4 | 25.09 | 1078870 | |
| FIRST FLOOR SHOPS TOWER-D 12.00 MT. WIDE ROAD | | | | | |
| | | 1 | 24.72 | 1062960 | |
| | Reserved for OBC Category | 2 | 36.33 | 1562190 | |
| | | 3 | 25.27 | 1086610 | |
| | | 4 | 20.53 | 882790 | |
| FIRST FLOOR SHOPS TOWER-E 12.00 MT. WIDE ROAD | | | | | |
| | | 1 | 18.68 | 803240 | |
| | | 2 | 20.07 | 863010 | |
| | | 3 | 24.9 | 1070700 | |
| | | 4 | 36.52 | 1570360 | |
| | | 5 | 25.2 | 1083600 | |

- પ્રી- ક્વોલીફીકેશન (અરજી તથા નિતિ નિયમો) ડોક્યુમેન્ટસ તા.૨૮.૧૦.૨૦૨૧થી વડોદરા મહાનગર પાલિકાની વેબસાઇટ ઉપર જોઇ શકાશે. અરજદારે/બીડરે હરાજીના સ્થળે સવારે ૯:૦૦ કલાકે હાજર થવાનું રહેશે.

1. ટી.પી.-૧/એફ.પી-૧૦૯, ૧૧૦, ૧૨૦ સયાજીપુરા,
2. ટી.પી.૨૦/એફ.પી.૯૫ અટલાદરા,
3. ટી.પી.૨૧/એફ.પી.૧૦૮ અકોટા-તાંદલજા,
4. ટી.પી.૧૯/એફ.પી.૧૦૪, ૨૨૮ માંજલપુર તથા
5. ટી.પી.૯/એફ.પી.૨૨૩ કારેલીબાગ **ખાતેની**

**ઉપરોક્ત યોજનાની દુકાનો માટે જાહેર હરાજી કરવાની તારીખ અને સમય:-તા.૦૨.૧૨.૨૦૨૧ ના રોજ સવારે ૧૨:૦૦ કલાક થી ૫:૦૦ કલાક સુધી.**

અરજદારની સહી
તા.     /નવે-ડીસે./૨૦૨૧

કાર્યપાલક ઇજનેર
એફોર્ડેબલ હાઉસીંગ સેલ
વડોદરા મહાનગરપાલિકા

નોંધ:-

વડોદરા મહાનગરપાલિકા ધ્વારા વડોદરા શહેરના વિકાસને ધ્યાને રાખી રસ્તા રેસામાં જેઓની દુકાન દુર થયેલ છે. તેઓ માટે જે તે યોજનામાં કુલ દુકાનના ૧૦% જેટલી દુકાન અનામત રાખેલ છે. જેઓ રીઝર્વડ દુકાનની જાહેર હરાજીમાં ભાગ લેવા ઇચ્છા ધરાવતા હોય તેઓએ પ્રી-બીડ/અરજીની સાથે પાલિકા ધ્વારા આપવામાં આવેલ નોટીસ તેમજ આનુસાંગિક પુરાવાઓ રજુ કરવાના રહેશે. અનામત રાખેલ દુકાનમાં બીડર/અરજદાર ન મળ્યેથી અન્ય સામાન્ય બીડર/અરજદારને ફાળવી આપવામાં આવશે.

# (પરિશિષ્ઠ- બ)

## મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત EWS/LIG/ હેઠળ વિવિધ ટી.પી. ૧ સયાજીપુરા ,એફ.પી. ૧૦૯,૧૧૦,૧૨૦ સયાજીપુરા, ટી.પી.૨૦ એફ.પી.૯૫ અટલાદરા , ટી.પી.૨૧, એફ.પી.૧૦૮ અકોટા-તાંદલજા, ટી.પી.૧૯/એફ.પી.૧૦૪,૨૨૮ માંજલપુર તથા ટી.પી.૯/એફ.પી.૨૨૩ કારેલીબાગ વાળા સ્થળોએ તૈયાર કરેલ સંકુલમાં આવેલ દુકાનો માલિકીના ધોરણે વેચાણ કરવા માટેની શરતો/નિયમો

૧. સંકુલનો પ્રકાર : વાણિજ્ય / રહેણાંક

૨. બાંધકામની વિગત : જાહેર હરાજી કરવામાં આવનાર સ્કીમ અનુસારની દુકાનોની વિગત તથા દુકાન નું ક્ષેત્રફળ, ચો.મી. માં ઉપરોકત પત્રકમાં દર્શાવેલ છે.

| અં.નુ. | દુકાનની વિગત | દુકાનનું ક્ષેત્રફળ,ચો.મી. |
|---|---|---|
| ૧ | | |
| | પાન નંબર- ૫ થી ૯ મુજબ | |
| ૨ | | |
| ૩ | | |

૩. અરજદાર સંકુલમાં દુકાનોનું સ્થળ નિરિક્ષણ કરી શકે છે. નિરિક્ષણ તા.૨૮.૧૦.૨૦૨૧થી તા.૨૬.૧૧.૨૦૨૧ દરમ્યાન (જાહેર રજા સિવાય) સવારે ૯.૦૦ થી બપોરે ૧૨.૦૦ કલાક સુધી સ્થળે કરી શકાશે.

૪. ભરેલ અરજી અંતર્ગત ભરવાપાત્ર થતી અનામતની રકમ તથા જમા કરવવાપાત્ર થતા દસ્તાવેજો સીલબંધ કવરમાં વડોદરા મહાનગરપાલિકાની કચેરીમાં મોડામાં મોડા તા.૨૬.૧૧.૨૦૨૧ ના રોજ ૧૭=૦૦ કલાક સુધીમાં મળે તે રીતે રજીસ્ટર પોસ્ટ એડી, સ્પીડ પોસ્ટ થી મોકલવાના રહેશે. હેન્ડ ડીલીવરી સ્વીકારવામાં આવશે નહી. સમય મર્યાદા બાદ મળેલા ભાવ પત્રકો ધ્યાને લેવામાં આવશે નહી. સીલબંધ કવર ઉપર કામની વિગત તથા વિભાગનું નામ અવશ્ય દર્શાવવાની રહેશે.

૫. અરજદારે/બીડરે જાહેર હરાજીમાં (પાર્ટીશીપેશન) ભાગ લેવા સંદર્ભે ફીની રકમ રૂ.૫,૦૦૦/- અંકે પાંચ હજાર રૂપિયા પૂરા તેમજ અર્નેસ્ટ મનીની રકમ ડીમાન્ડ ડ્રાફ્ટ વડોદરા મહાનગર પાલિકામાં અરજી જમા કરાવવાના સમયે ફરજીયાત પણે જમા કરાવવાની રહેશે હરાજીમાં (પાર્ટીશીપેશન) ભાગ લેવા સંદર્ભે ફીની રકમ અરજદાર/બીદરને પરત (Non Refundable) મળવાપાત્ર નથી. ઉપરાંત અરજદાર/બીદર ભવિષ્યમાં પણ મૂળ રકમ તથા તેનુ વ્યાજની રકમની માંગણી કરી શકશે નહી. જાહેર હરાજીમાં (પાર્ટીશીપેટ) ભાગ લેવા માટે જે અરજદાર ધ્વારા ફીની રકમ જમા કરાવવામાં આવેલ છે. તે જ વ્યક્તિને (માત્ર એક વ્યક્તિ) પ્રવેશ આપવામા આવશે. અરજદાર સાથે અન્ય કોઇ પણ વ્યક્તિને પ્રવેશ આપવામાં આવશે નહી તેમજ તે બાબતે સરકારી કર્મચારી/પ્રતિનિધિ સાથે તકરાર કરશે નહી. તકરાર કર્યેથી જરૂરી કાયદાકીય કાર્યવાહી કરવાની ફરજ પડશે.

૬. અરજદારે હરાજી અંતર્ગત મેળવવા ઇચ્છનીય દુકાનની નક્કી થયેલ અપ સેટ કિંમત મુજબ્ ભાવની સરેરાશ ૨૦% રકમ ડીપોઝીટ (અર્નેસ્ટ મની/EMD) તરીકે મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરાના નામનો ડીમાન્ડ ડ્રાફ્ટ અરજી સાથે ફરજીયાતપણે બીડવાનો રહેશે. આ ડિપોઝીટ ઉપર કોઇપણ પ્રકારનુ વ્યાજ મળશે નહિ. જે અરજદારનુ ટેન્ડર નામંજુર કરવામાં આવશે, તેઓને ડીપોઝીટની રકમ આપવા અંગે જરૂરી વહીવટી મંજુરી મેળવી પરત કરવાની કાર્યવાહી કર્યા બાદ જ પરત કરવામાં આવશે. જે અરજદારનુ અરજી અનુસાર હરાજી દરમ્યાન દુકાનની બોલીમાં સફળ થયેથી તેઓના કિસ્સામાં અર્નેસ્ટ ડીપોઝીટની રકમ દુકાનની ખરીદ કિંમત પેટે મજરે ગણવામાં આવશે.

૭. <u>વડોદરા મહાનગરપાલિકાને મુદતમાં મળેલ તમામ અરજીઓ અનુસાર અરજદારોની/બીડરોની બોલી શક્ય હશે તો તા.૦૨.૧૨.૨૦૨૧ ના રોજ જાહેર હરાજીથી દર્શાવેલ સ્થળે સમયસર શરૂ કરવામાં આવશે.</u> સંજોગોવસાત આ તારીખ અને સમયે જાહેર હરાજી ટેકનીકલ કારણોસર શકય ન બને તો બીજી કોઇ તારીખ અને સમયે જાહેર હરાજી નક્કી કરવાનો અધિકાર વડોદરા મહાનગરપાલિકા અબાધિત રહેશે. અને તેની જાણ બીડરને કરવામાં આવશે.

૮. જાહેર હરાજીની પુરે પુરૂ કે અંશત: મંજુર/રદ કરવાની આખરી સત્તા વડોદરા મહાનગર પાલિકા અબાધિત રાખે છે. અને તેના કારણો દર્શાવવા વડોદરા મહાનગરપાલિકા બંધાયેલ નથી.

૯. સૌથી ઉંચી ઓફર (બોલી) બોલનાર અરજદાર/બીડર ધ્વારા બોલીની સંપૂર્ણ રકમ (મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરાના નામનો) ડીમાન્ડ ડ્રાફ્ટ/પે ઓર્ડરથી જ ફરજીયાત પણે જમા કરાવવાની રહેશે. તથા હરાજી સંદર્ભે દુકાન મેળવવા તથા બીડ/બોલીની રકમ જમા કરાવવા બાબતની સંમતિ આપવાની રહેશે. બીડની રકમ જમા કરવામાં ચુક થયેથી સદર મિલ્કત અન્યને ફાળવવામાં આવશે અથવા તો ફરીથી વેચાણ અંગે બોલી બોલવામા આવશે. (વ.મ.પા. દ્વારા જે નિર્ણય લેવાય તે બંધનકર્તા રહેશે) તથા તેમજ ભરેલ અર્નેસ્ટ મની ડીપોઝીટની રકમ જપ્ત કરવામાં આવશે.

૧૦. જાહેર હરાજીની બોલીમાં જે અરજદાર/બીડર મહત્તમ બોલી બોલવામાં સફળ થયેથી તેઓએ દુકાનની બાકીની ૩0% રકમ (મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરાના નામનો) ડીમાન્ડ ડ્રાફ્ટથી ફાળવણી પત્ર ફાળવ્યેથી વધુમાં વધુ દિન-૬૦ માં જમા કરાવવાની રહેશે તથા

૧૧. મુદ્દા નં.૧૦ મુજબની મુદત્ત દિન-૬૦ પસાર થયા બાદ, ઓફરની બાકી રહેતી ૫૦% ની રકમ અથવા તફાવતની બાકી રહેતી રકમ (મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, વડોદરાના નામનો) વધુમાં વધુ ૯૦ દિવસમાં વડોદરા મહાનગરપાલિકાની કચેરીમાં ડીમાન્ડ ડ્રાફટ/પે ઓર્ડરથી ભરવાની રહેશે.

૧૨. જે અરજદારની માંગણી સ્વીકારવામાં ન આવે તે અરજદાર ધ્વારા જમા કરાવેલ અનામતની રકમ વિના વ્યાજે પરત મેળવવા હક્કદાર રહેશે.

૧૩. દસ્તાવેજ અંગેની લખાઇ, ટાઇપીંગ, સ્ટેમ્પ ડ્યુટી, રજીસ્ટ્રેશન ફી (સરકારશ્રીના ધારા ધોરણ મુજબ અન્ય) કાર્યવાહીની/ખર્ચ અંગેની તમામ જવાબદારી ખરીદનારના શીરે રહેશે.

૧૪. <u>અરજદાર પુરાવા તરીકે રેશનકાર્ડ, ચુટણી ઓળખ પત્ર, આધાર કાર્ડ,પાનકાર્ડ, બેંકની પાસબુક અથવા કેન્દ્ર/રાજય સરકારના ગેઝેટેડ ઓફીસરનો દાખલો,જાતિનો દાખલો વિગેરે પુરાવા રજુ કરવાનો રહેશે.</u>

૧૫. જે અરજદારની ઓફર મંજુર કરવામાં આવે તે અરજદારે તેઓને અત્રેથી જાણ કર્યાના દિવસથી ઓફર કરેલ કિમંત અનુક્રમ નં.૯, ૧૦ અને ૧૧ મુજબ વડોદરા મહાનગર પાલિકાની કચેરીમાં ડિમાન્ડ ડ્રાફટ/ચેકથી જમા કરાવવાની રહેશે. પુરેપુરી રકમ વડોદરા મહાનગરપાલિકામાં ભરપાઇ થયા બાદ જ દુકાનનો કબજો અરજદારને જરૂરી કાનુની વિધિ/વહીવટી પ્રક્રિયા (દસ્તાવેજ,કબ્ઝા પાવતી મેળવ્યા બાદ જ) કર્યા બાદ સુપ્રત કરવામાં આવશે. ઓફર કરેલ રકમ નિયત સમયમર્યાદામાં અરજદાર દ્વારા વડોદરા મહાનગર પાલિકામા જમા કરાવવામાં આવશે નહિ તો તેઓ દ્વારા જમા કરાવવામાં આવેલ E.M.D. ની રકમ જપ્ત કરવામાં આવશે/ અર્થાત પરત કરવામાં નહી આવે.

૧૬. જે અરજદાર મહત્તમ બોલી બોલવામાં સફળ થયેથી તેઓની અરજી મંજુર કરવામાં આવે તે અરજદારે મહત્તમ બોલીની રકમ ઉપર પ્રમાણે નિયત સમયની મર્યાદામાં વડોદરા મહાનગર પાલિકાની કચેરીમાં ભરપાઇ કરવાનુ ચુકે તો, તેઓની ભરેલ ડીપોઝીટની રકમ જપ્ત કરવા તથા તેવી માંગણીવાળી મિલ્કત અન્યને ફાળવવામાં વડોદરા મહાનગરપાલિકા મુખત્યાર રહેશે. આ ઉપરાંત જો અરજદાર દ્વારા અર્નેસ્ટ મની ઉપરાંત બાકી રહેતી રકમ નિયત સમય મર્યાદામાં જમા કરાવવાંમાં નહી આવેતો અર્નેસ્ટ મની ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે તેમજ ભરેલ રકમના ૨૫% કપાત કરી બાકીની રકમ વગર વ્યાજે પરત કરી તેઓને ફાળવેલ મિલકત અન્યને ફાળવવામાં આવશે.

૧૭. અરજી મંજુર કે રદ કરવાનો નિર્ણય ૩ (ત્રણ) માસમાં બનતી ત્વારાએ કરાશે. પરંતુ તેવો નિર્ણય ન કરવામાં આવે ત્યાં સુધી અરજદાર તેમની અરજી પરત/પાછી ખેચી શકશે નહિ તથા ડીપોઝીટની રકમ પરત માંગી શકશે નહિ. સદર નિર્ણય લેવામાં સંજોગોવશાત વિલંબ થાય તો અરજદાર વાંધો લઇ શકશે નહિ. તથા અર્નેસ્ટ ડીપોઝીટની રકમ ઉપર વ્યાજ મળશે નહિ.

૧૮. અરજદારે ઓફર કિમંત (વેચાણ કિમંત) ઉપરાંત વેચાણ રાખેલ મિલ્કત તેમના નામે તબદીલ કરવા અંગેના દસ્તાવેજને લગતો તમામ ખર્ચ તેઓએ ભોગવવાનો રહેશે.

૧૯. અરજદારે કબ્જો સોપ્યા તારીખથી વડોદરા મહાનગરપાલિકા સરકારશ્રી કે અન્ય સંસ્થાઓનાં જે કાંઇ વેરા, ટેક્ષ, લાગત, મહેસુલ, વીજળી બીલ, મેન્ટેનન્શ, એસોસીએશન ચાર્જ, કનેક્શન ચાર્જ અને વપરાશ ચાર્જ તેમજ અન્ય તમામ ચાર્જ અરજદારે ભરવાનો રહેશે.

૨૦. અરજદારે દુકાનની ખરીદ કિમંતની પુરેપુરી રકમ વડોદરા મહાનગરપાલિકામાં જમા કરાવ્યાના વધુમાં વધુ એક માસમાં વડોદરા મહાનગર પાલિકા સાથે કન્વેયન્સ ડીડ કરીને તેને રજીસ્ટર્ડ કરાવી દુકાનનો પ્રત્યક્ષ કબજો લેવાનો રહેશે.

૨૧. ઉપર મુજબની નિયત સમય મર્યાદામાં અરજદાર દુકાનનો કબજો સંભાળી લેવામાં ચુક કરેતો તેની સીક્યુરીટીની જવાબદારી વડોદરા મહાનગરની રહેશે નહિ.

૨૨. અરજદારે ફાળવાયેલ દુકાનો અંગે જી.ડી.સી.આર અન્વયે મળવાપાત્ર ઉપયોગ માટે સ્થાનિક સંસ્થાની પરવાનગી મેળવીને ઉપયોગ કરી શકાશે તેમજ અરજદારે આ મિલ્કતમાં ધંધો શરૂ કરવા માટે પ્રર્વતમાન કાયદાનુસાર જે કોઇ પરવાનગી / મંજુરી લેવાપાત્ર થતી હશે તે સ્વખર્ચે મેળવવાની રહેશે. વધુમાં ફાયર સેફટીની સુવિધાઓ અને સર્ટીફીકેટ બાબતે વેચાણ રાખનારે વખતો વખત પરવાનો લેવાનો રહેશે.

૨૩. દુકાન ખરીદનાર દુકાનના બહારના કે ઉપરના ભાગે કોઇપણ જાતના સુધારા વધારા કરી શકાશે નહી તથા દુકાનનુ વેચાણ બાંધકામ (ઇમલા) પુરતુ જ છે.

૨૪. એફોર્ડેબલ હાઉસીંગ અંતર્ગત તૈયાર કરેલ રહેણાંકના મકાનો સાથે ભોંય તળીયાની/પહેલા માળની તમામ દુકાનના કબજેદારોએ એસોસીએશનની રચના કરી તેના સભ્ય થવાનુ રહેશે અને આ મિલ્કતમાંની સામાન્ય સુખ સુવીધાઓની નિભાવણીની જવાબદારી એસોસીએશનની રહેશે. વડોદરા મહાનગરપાલિકાની આ બાબતે કોઇપણ પ્રકારની જવાબદારી રહેશે નહી.

૨૫. સદરહું મિલ્કતના નિકાલ બાબતે ભવિષ્યમાં હવે પછી વડોદરા મહાનગરપાલિકા તેના નીતી-નિયમો-શરતોમાં જે કોઇ ફેરફાર કરેતો તે અરજદારને બંધનકર્તા રહેશે.

૨૬. મહત્તમ બોલી કોઇપણ કારણ આપ્યા સિવાય સ્વીકારવાનો અથવા નકારવાનો અબાધિત અધિકાર વડોદરા મહાનગરપાલિકાનો રહેશે અને તે છેવટનો અને તમામ બીડરને બંધનકર્તા રહેશે.

(૧) જાહેર હરાજીમાં ભાગ લેતા સંસ્થા/કંપની/વ્યક્તિના કિસ્સામાં બીડરવતી ભાવ બોલનાર વ્યક્તિએ નીચે જણાવેલ દસ્તાવેજો રજુ કરવાના રહેશે

(અ) નોટરાઇઝ કરેલ લેટર ઓફ ઓથોરીટી

(બ) ફર્મ અગર કંપની હોઇ તો તેના બંધારણની નોટરાઇઝ નકલ

(ક) ફોટો આઇડેન્ટી કાર્ડ નોટરાઇઝ કરેલ તથા અસલ (અસલ પરત આપવામાં આવશે)

(ડ) ડીપોઝીટ ભરવા માટેની નિયત નમુનાનું અરજી ફોર્મ આ સાથે સામેલ છે.

(ઇ) રજીસ્ટ્રેશન કરાવતી વખતે પુરેપુરૂ નામ, સરનામુ, ટેલીફોન નંબર (બેઝીક લેન્ડ લાઇન તથા મોબાઇલ નંબર)

(એફ) કંપની પાર્ટનરશીપ અંતર્ગત રચાયેલ હોઇ તો પાર્ટનરશીપની રજીસ્ટર ડીડ રજુ કરવાનો રહેશે.

(૨) બીડર સ્વયં બોલી પોતે કરે તો ફોટો આઇડેન્ટી કાર્ડ (આધાર કાર્ડ) પોતાનુ રજુ કરવાનુ રહેશે. (ટ્રુ કોપી કરેલ તથા અસલ ) અસલ પરત આપવામાં આવશે.

૨૭. જાહેર હરાજીમાં ભાગ લેનાર ઇસમ/સંસ્થા નાદાર ન હોવી જોઇએ તેમજ ભારતીય કાયદા મુજબ કરાર કરવા સક્ષમ હોવી જોઇએ.

૨૮. જાહેરાતમાં દર્શાવ્યા મુજબ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા નક્કી કરેલ પ્રતિ ચો.મી. પ્રમાણે અપસેટ વેલ્યુના દર કરતા ઓછા દરની બોલીની રકમ સ્વીકારાશે નહી.

૨૯. દુકાનની જાહેર હરાજીમાં બોલીની નક્કી કરેલ અપસેટ વેલ્યુ કરતાં રકમ રૂ.૨૫,૦૦૦/- વધુના ઇન્ક્રીમેન્ટમાં ફરજીયાત પણે વધારો કરી અરજદારે જે તે દુકાન માટે બોલી બોલવાની રહેશે.

૩૦. જાહેર હરાજીમાં ફક્ત દુકાનના સ્ટ્રકચરની માલિકીના ધોરણે વેચાણથી આપવાની છે. સદર યોજનાની જમીન અંગે ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એક્ટ ૧૯૭૬ ની કલમ ૬૭ ની જોગવાઇ હેઠળ પ્રારંભિક યોજના મંજુર થઇ અમલમાં આવ્યા તારીખથી સમુચિત સત્તામંડળ એટલે કે વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનને મળવાપાત્ર થતી તમામ જમીનો કોઇ પણ પ્રકારના બોજા રહીત વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનમાં નિહીત થાય છે. આમ સદરહું કાયદા હેઠળ વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનની જમીન માલીકીની બને છે. અને સવાલવાળી જમીનનો કબજો વડોદરા મ્યુનિસિપલ કોર્પોરેશનને પ્રાપ્ત થાય છે. જમીન ૯૯ વર્ષના ભાડાપટ્ટે આપવામાં આવશે, જેનો સમયગાળો પુર્ણ થતાં જમીનના ભાડા અંગે કોર્પોરેશનનાં અમલનાં નિતિ નિયમ મુજબ renew કરી શકાશે.

૩૧. સમગ્ર સભા ઠરાવ અંક:- ૫૫૦/તા. ૨૭-૦૧-૧૯૮૯ મુજબ

અ) ૧૦% અનામત પૈકી – ૭% અનુસૂચિત જાતિ/જનજાતિ માટે તથા ૩% બક્ષીપંચમાં આવરી લેવાય એવી તમામ જાતિઓ માટે અનામત રાખવાની રહેશે.

બ) અનામત રાખેલી દુકાનો પૈકી કોઇ પછાત વર્ગનો અરજદાર/હક્કદાર, માંગણીદાર ન આવ્યેથી બીજી વખત જાહેરાત આપી અરજીઓ મંગાવવામાં આવશે. જે બાદ પણ માંગણીદાર ન આવ્યેથી/ મળ્યેથી જનરલ કેટેગરીમાં જણાવેલ વ્યવસ્થા પ્રમાણેના અરજદારને ફાળવવામાં આવશે. આ અંગે કોઇ પણ વાદવિવાદ ચાલશે નહી.

ક) પછાત જાતિના અરજદારોએ સરકારશ્રીના સમાજ કલ્યાણ અધિકારીનું જાતિ અંગેનુ પ્રમાણપત્ર અરજી સાથે અવશ્ય રજુ કરવાનુ રહેશે.

ડ) અનામતવાળા કિસ્સામાં ફાળવવામાં આવેલી દુકાનો સામાન્ય કિસ્સામાં નામફેર ભાગીદારી, ટ્રાન્સફર કે અન્ય ફેરફાર આવી અનામત વાળી જાતિઓ વચ્ચે જ થઇ શકશે. જો આવી જાતિ વગરની અન્ય જાતિઓ સાથે ટ્રાન્સફર, ભાગીદારી કે પેટાભાડું કરવામાં આવેલ હશે તો આવી દુકાનોનો કબજો પેટાભાડું કરવામાં આવશે, હશે તો આવી દુકાનોનો કબજો મ્યુનિસિપલ કોર્પોરેશન પરત લઇ શકશે. તેમજ આવી જાતિ સિવાય અન્ય જાતિને દુકાન/સ્ટોલ ચલાવવા આપેલ હશે તો શરતનું ઉલ્લંઘન ગણી દુકાન/સ્ટોલનો કબજો પરત લેવાની સત્તા મ્યુનિસિપલ કોર્પોરેશનની રહેશે. તેમાં કોઇ વાદ-વિવાદ ચાલશે નહીં.

ઉપર મુજબ માહિતી / શરતો / નિયમો મેં / અમોએ વાંચ્યા છે જે કબુલ મંજુર છે.

સ્થળ:- -----------------------

તા. /નવે-ડીસે./૨૦૨૧ અરજદારનુ પૂરૂં નામ અને સહી

સહી/-

મ્યુનિસિપલ કમિશ્નર

વડોદરા મહાનગરપાલિકા

અરજદારનું નામ:-

સરનામું.:-

મોબાઇલ નં.

## ડીક્લેરેશન રજીસ્ટ્રેશન

પ્રતિ,
કાર્યપાલક ઇજનેરશ્રી,
એફોર્ડેબલ હાઉસીંગ & MGY સેલ,
વડોદરા મહાનગર પાલિકા

વિષય:- એફોર્ડેબલ હાઉસીંગ યોજના અંતર્ગત બનાવવામાં આવેલ આવાસોની યોજનામાં આવરી લેતી દુકાનો માલિકીના ધોરણે જાહેરે હરાજીથી વેચાણ કરવા ડીક્લેરેશન રજીસ્ટ્રેશન કરવા બાબત.

ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, એફોર્ડેબલ હાઉસીંગ અને મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત તૈયાર કરવામાં આવેલ આવાસોની યોજનામાં આવરી લેતી ટી.પી.-------, એફ.પી.--------, સ્થળ:------------------------ ખાતેની દુકાન નંબર (૧)--------(૨)---------(૩)---------લેવા/મેળવવા અંગે અમો રસ ધરાવતા હોઇ, અમો ધ્વારા કરવામાં આવેલ અરજી અનુસાર ગાંધીનગર ગૃહ, જ્યુબીલી બાગ, વડોદરા ખાતે જાહેર હરાજીમાં અમોને સ્વંય હાજર/પ્રવેશ આપવા તેમજ મોબાઇલ ફોનનો ઉપયોગ પણ જાહેર હરાજી માટેના નિયત થયેલ સમય પુરતો નહી કરવા અંગે બાંહેધરી આપું છું/એકરાર કરીએ છીએ. જાહેર હરાજી સંદર્ભેના તમામ નિયમો/શરતોનો ભંગ થયેથી ગેરલાયક ઠેરવવા અંગે અમો સંમત છીએ.

અરજદારનું નામ:-

સહી:-

તારીખ:- /નવે-ડીસે./૨૦૨૧